પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા સામે પાલિકાનું કડક વલણ

વડોદરામાં હોટેલ-રેસ્ટોરન્ટોમાં પાલિકાનું ઓચિંતું ચેકિંગ, નોટિસ અને દંડની કાર્યવાહી

રસોડાની સ્વચ્છતા અને સ્ટોરેજની તપાસ

શંકાસ્પદ વાનગીઓના સેમ્પલ લેબોરેટરી પૃથ્થકરણ માટે મોકલાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા શહેરના નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિવિધ વિસ્તારોમાં આવેલા હોટેલ, રેસ્ટોરન્ટ અને ખાનપાનના એકમોમાં સઘન સરપ્રાઈઝ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પાલિકાની ટીમો દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહીથી નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓ અને હોટેલ



સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી આ તપાસ દરમિયાન હોટેલ અને રેસ્ટોરન્ટના રસોડા, ખાદ્યસામગ્રીના સંગ્રહ સ્થાન તેમજ સ્વચ્છતાના ધોરણોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સ્થળ પર જ ખાદ્યપદાર્થોની ગુણવત્તા ચકાસવામાં આવી હતી અને ગુણવત્તા અંગે શંકાસ્પદ જણાતા જુદા જુદા ખાદ્યપદાર્થોના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ સેમ્પલોને વધુ લેબોરેટરી ટેસ્ટિંગ અને પૃથ્થકરણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. ચેકિંગ દરમિયાન જ્યાં ગંદકી, અસ્વચ્છતા કે આરોગ્યના નિયમોનું અનાદર જોવા મળ્યું હતું, તેવા હોટેલ અને રેસ્ટોરન્ટ સંચાલકોને નોટિસ ફટકારી દંડ ફટકારવાની તેમજ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. કેટલાક કિસ્સાઓમાં આરોગ્યપ્રદ વાતાવરણ જાળવવા અને તાત્કાલિક સુધારા-વધારા કરવા માટે આકરા નિર્દેશો પણ આપવામાં આવ્યા છે. આરોગ્ય અને ફૂડ વિભાગના અધિકારીઓએ આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડાં ચલાવી લેવામાં આવશે નહીં. આવનારા દિવસોમાં પણ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ખાણીપીણીની દુકાનો, રેસ્ટોરન્ટ્સ અને લારી-ગલ્લાઓ પર આ પ્રકારની ઓચિંતી તપાસ અને કડક ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે, જેથી નાગરિકોને શુદ્ધ અને સાત્વિક ખોરાક મળી રહે.

મધ્યવર્તી સ્કૂલમાં શોર્ટ સરકિટથી આગ લાગતાં ડોક્યુમેન્ટ સહિતનો સામાન બળીને ખાખ

શહેરના આર.વી. દેસાઈ રોડ પર પ્રોવિઝન સ્ટોરમાં ભીષણ આગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા શહેરના આર.વી. દેસાઈ રોડ પર ગોયાગેટ સોસાયટી સામે આવેલા ગુરુનાનક અને નરસિંહ પ્રોવિઝન સ્ટોરમાં આજે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ દુકાનના ઉપરના માળે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને જોતજોતામાં આગ આખી દુકાનમાં પ્રસરી ગઈ હતી. આગની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આગના કારણે દુકાનમાં રહેલો તમામ માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું કારણ સામે આવી રહ્યું છે. બીજી તરફ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મુખ્ય કચેરી ખાતે આવેલી મધ્યવર્તી સ્કૂલમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ડોક્યુમેન્ટ સહિતનો સામાન બળીને ખાખ થયો હતો.





VGL દ્વારા જાળવણી કામગીરી હાથ ધરાશે

શહેરના અનેક વિસ્તારોમાં ગતરાત્રે PNG ગેસ પુરવઠો પ્રભાવિત રહ્યો

વાઘોડિયા રોડ, માંજલપુર, તરસાલી સહિતના વિસ્તારોમાં ગુરુવારે રાત્રે ૧૦ થી શુક્રવાર સવારે ૬ વાગ્યા સુધી ગેસ પુરવઠો પ્રભાવિત રહ્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

વડોદરા ગેસ લિમિટેડ દ્વારા વડોદરા શહેરમાં પાઈપલાઈન્ડ નેચરલ ગેસની સુરક્ષિત અને અવિરત સેવાઓ સુનિશ્ચિત કરવાના હેતુસર મહત્વપૂર્ણ જાળવણી કામગીરી ગુરુવારે રાત્રે હાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે શહેરના પૂર્વ અને દક્ષિણ વિસ્તારના અનેક પોશ અને ગીચ વિસ્તારોમાં ગેસ પુરવઠો પ્રભાવિત થયો હતો. તા. ૦૧.૧૦.૨૦૨૬ ને ગુરુવારના રોજ રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી તા. ૦૨.૧૦.૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી આવશ્યક જાળવણી કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ અગત્યની ટેકનિકલ કામગીરીના કારણે વાઘોડિયા રોડ, ગાજરાવાડી રોડ, કપુરાઈ રોડ, માંજલપુર, તરસાલી, સરદાર એસ્ટેટ તથા તેની આસપાસના તમામ વિસ્તારોમાં PNG ગેસનો પુરવઠો ઓછા દબાણે અથવા અસ્થાયી રૂપે વિક્ષેપિત થયો હતો. VGL દ્વારા નાગરિકોને આ સમયગાળા દરમિયાન સાથસહકાર આપવા અને જરૂરી તકેદારી રાખવા નમ્ર અપીલ કરવામાં આવી હતી, જેથી જાળવણી પૂર્ણ થયા બાદ સુરક્ષિત રીતે ગેસ પુરવઠો પૂર્વવત્ થઈ શકે.

મિત્રને ચપ્પુના ઘા મારી હત્યાનો પ્રયાસ કરનાર ઝડપાયો

વડોદરા: ગોરવા વિસ્તારમાં નાસ્તો કરવા જેવી નજીવી બાબતે થયેલા ઝઘડામાં મિત્રના પેટના ભાગે બટનવાળા ચપ્પુના ઘા મારી ગંભીર ઈજા પહોંચાડીને ફરાર થયેલા હાફ મર્ડરના આરોપીને ગોરવા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. તા.28 સપ્ટેમ્બરે સાંજે ગોરવા દશામાતાના મંદિર પાછળ ખુલ્લા મેદાનમાં ખાટલા પર બેસીને નાસ્તો કરવા બાબતે મહેશ ઉર્ફે અલ્કેશ બચુભાઇ પારગી સાથે મુકેશ ઉર્ફે મુખી ચીમનભાઈ દંતાણીનો ઝઘડો થયો હતો. દરમિયાન મુકેશે પેટના ભાગે ચપ્પુના ઘા મારી દીધા હતા. બનાવ અંગે ગોરવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસ ટીમે CCTV અને હ્યુમન સોર્સિસના આધારે તપાસ કરતાં આરોપી હાલોલથી પરત આવી સમતા ગ્રાઉન્ડની ઝૂંપડપટ્ટીમાં સંતાયો હોવાની માહિતી મળી હતી. પોલીસે ઝૂંપડપટ્ટી કોર્ડન કરી મુકેશ ઉર્ફે મુખીને ઝડપી લીધો હતો.

રત્નાગીરી સ્પેશિયલ ટ્રેન મુદ્દે સોશિયલ મીડિયામાં ખોટા મેસેજ વાયરલ કરાયાનો આક્ષેપ

વડોદરામાં મહારાષ્ટ્રીયન સમાજની ટ્રસ્ટી સામે ચેરિટી કમિશનરને રજૂઆત

સમાજના આગેવાનોની ખાતાકીય ઓડિટ અને તપાસની માંગ



(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરાથી રત્નાગીરી સ્પેશિયલ ટ્રેનને કાયમી કરવાની માંગ સાથે છેલ્લા ત્રણ મહિનાથી આંદોલન ચાલી રહ્યું છે. આ આંદોલન વચ્ચે હવે સમાજમાં જ વિવાદ સર્જાયો છે. મહારાષ્ટ્રીયન સમાજના નામે સોશિયલ મીડિયામાં ખોટા મેસેજ વાયરલ કરી સમાજને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના આક્ષેપ સાથે ચેરિટી કમિશનરને રજૂઆત કરવામાં આવી છે. સમાજના મુખ્ય આગેવાનોએ કરેલી રજૂઆત મુજબ, ચંદ્રિયો નામના વ્યક્તિ દ્વારા કોડીરામ પાર્ટે અને સુનિલ મોરેના નામનો ઉલ્લેખ કરીને સોશિયલ મીડિયામાં કેટલાક લોકો મહારાષ્ટ્રીયન સમાજના નામે રૂપિયા ઉઘરાવી રહ્યા હોવાનો મેસેજ વાયરલ કરવામાં આવ્યો હતો. આગેવાનોનો આક્ષેપ છે કે આવા મેસેજથી સમગ્ર સમાજની છબી ખરડાવવાનો પ્રયાસ કરાયો છે. આ મામલે અગાઉ વડોદરા પોલીસ કમિશનરને લેખિત આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ હતી. ત્યારબાદ આજે સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજના આગેવાનો વતી શ્રી મહાડ-પોલાદપુર તાલુકા મરાઠા સમાજના ટ્રસ્ટી વિરુદ્ધ ચેરિટી કમિશનર સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. રજૂઆતમાં સમાજના ટ્રસ્ટની ખાતાકીય ઓડિટ કરાવવા અને સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. આગેવાનોનું કહેવું છે કે સમાજના નામનો ઉપયોગ કરીને જો કોઈ ખોટી માહિતી ફેલાવાઈ હોય તો તેની હકીકત બહાર આવવી જરૂરી છે.

વાંદરાઓનો વધતા આતંકથી શહેરીજનો ખૌફમાં

વાંદરો કૂદતા પટકાયેલાં મીનાબેન જગતાપ ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧

શહેરમાં રખડતાં પ્રાણીઓ અને વાંદરાઓનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેના કારણે નિર્દોષ નાગરિકો ભોગ બની રહ્યા છે. તાજેતરમાં જ બરાનપુરા વિસ્તારમાં બનેલી એક ઘટનામાં વાંદરાના અચાનક કૂદકા મારવાથી સર્જાયેલી દોડધામમાં ૫૭ વર્ષીય મહિલા નીચે પટકાતા ઈજાગ્રસ્ત થયા છે. વડોદરા શહેરના મધ્યમાં આવેલા બરાનપુરા વિસ્તારના પરદેશી ફળિયામાં રહેતા મીનાબેન બાલાસાહેબ જગતાપ ઉંમર વર્ષ ૫૭ ગત રોજ પોતાના ઘર અથવા તેની આસપાસના વિસ્તારમાં હાજર હતા. તે દરમિયાન અચાનક એક વાંદરો ત્યાં આવી ચઢ્યો હતો અને જોર-જોરથી કૂદાકૂદ કરવા લાગ્યો હતો. આ અણધારી આફત અને વાંદરાની હિલચાલથી ગભરાહટ ફેલાતા મીનાબેન પોતાનો બચાવ કરવા જતા અસંતુલિત થયા હતા અને ત્યાંથી નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં તેમના જમણા હાથમાં ઈજા પહોંચી હતી. પરિવારજનો અને સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્ત મીનાબેનને સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

હાલ સયાજી હોસ્પિટલના તબીબોની દેખરેખ હેઠળ તેમની યોગ્ય સારવાર ચાલી રહી છે. આ બનાવને પગલે સ્થાનિક રહીશોમાં વાંદરાના વધતા જતા ત્રાસ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોની વહીવટી તંત્ર અને પાલિકા પાસે માંગ છે કે વહેલી તકે આ અશાંતિ ફેલાવતા વાંદરાઓનો યોગ્ય નિકાલ કરવામાં આવે, જેથી અન્ય કોઈ નાગરિકો આવી દુર્ઘટનાનો ભોગ ન બને. ઉલ્લેખનિય છે કે થોડા દિવસ અગાઉ પણ વાંદરાએ એક શહેરીજનને બચકા ભર્યા હતાં.

ધુમાડાના ગોટેગોટા નીકળતા લોકોમાં ફફડાટ ,ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો

સયાજીગંજમાં લોખંડવાલા બિલ્ડિંગ પાસે ઈમારતમાં આગ, તંત્રમાં દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં એક વર્ષો જૂની એક ઈમારતમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતા ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને આગ પર કાબુ મેળવ્યો હતો. સદ નસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ સયાજીગંજમાં સ્થિત લોખંડવાલા બિલ્ડિંગ પાસે, વિક્રમ હોટલની ગલીમાં એક જૂની બંધ ઈમારતમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ ઈમારત જૂની અને લાંબા સમયથી બંધ હોવાથી અંદર પડેલા કચરા અને ભંગારમાં આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી આકાશમાં છવાઈ જતાં આસપાસના સ્થાનિકો, વેપારીઓ અને રાહદારીઓમાં ગભરાટ ફેલાયો હતો અને જો આગ પ્રસરે તો મોટી દુર્ઘટના સર્જાય તેવી દહેશત વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વાડી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્પીડમાં ઘટના સ્થળે દોડી આવી હતી અને મોરચો સંભાળી લીધો હતો.

ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ જૂની ઈમારતમાં લાગેલી આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. સદનસીબે સમયસૂચકતા અને ફાયર બ્રિગેડની ઝડપી કામગીરીના કારણે પરિસ્થિતિ થાળે પડી હતી.



આત્મહત્યાના પ્રયાસને પગલે પરિવારજનોમાં દોડધામ

દંતેશ્વર વિસ્તારમાં રહેતા યુવકે ગળામાં ઈજા કરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલા રાઠોડવાસ ખાતે રહેતા એક યુવકે અચાનક જ અગમ્ય કારણોસર પોતાના જ ગળાના ભાગે જાતે ઈજા કરી લેવાની ઘટના સામે આવી છે. આ ગંભીર બનાવમાં સમયસૂચકતા વાપરીને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવતા યુવકનો જીવ બચી ગયો છે. મુકેશભાઈ કાલિદાસભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૨૩, રહે. રાઠોડવાસ, દંતેશ્વર નામના યુવકે આજ રોજ સદર સરનામે કોઈ અગમ્ય કારણોસર ગળાના ભાગે જાતે ઈજા પહોંચાડી હતી.

આ બનાવ બનતા જ પરિવારજનો અને આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતા જોતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવ્યો હતો. ૧૦૮ની ટીમ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ઘટનાસ્થળે દોડી આવી હતી અને પ્રાથમિક સારવાર આપીને યુવકને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. સયાજી હોસ્પિટલના સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, હાલ દર્દી મુકેશભાઈ સારવાર હેઠળ છે અને સૌથી રાહતના સમાચાર એ છે કે તેઓ સંપૂર્ણપણે ભાનમાં છે.

ડોક્ટરોની ટીમ તેમની દેખરેખ રાખી રહી છે અને તેમની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. યુવકે આ આત્મઘાતી કે ગંભીર પગલું કયા કારણોસર ભર્યું તે અંગે હજી સુધી કોઈ સત્તાવાર કારણ બહાર આવ્યું નથી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

કેડાઈના નિર્ણયને ખેલૈયાઓનો આવકાર

નવલખી મેદાનમાં સતત ત્રીજા વર્ષે 'નો તિલક, નો એન્ટ્રી' નિયમ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

વડોદરામાં નવરાત્રી મહોત્સવને લઈને ગરબા આયોજકો અને ખેલૈયાઓમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના નવલખી મેદાન ખાતે વડોદરા કેડાઈ દ્વારા આયોજિત 'વડોદરા નવરાત્રી ફેસ્ટિવલ'માં આ વર્ષે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આયોજકો દ્વારા મેદાન અને બોક્સ ઓફિસ બહાર "નો તિલક, નો એન્ટ્રી" એટલે કે "તિલક વિના પ્રવેશ નહીં" ના બેનરો અને બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. કેડાઈ દ્વારા નવલખી મેદાન ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં સતત ત્રીજા વર્ષે 'તિલક વિના પ્રવેશ નિષેધ'નો આ નિયમ લાગુ કરવામાં આવ્યો છે. ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશ મેળવતા પહેલા દરેક ખેલૈયા અને દર્શકોએ ફરજિયાતપણે કપાળે તિલક કરવાનું રહેશે. જે લોકો તિલક કર્યા વિના આવશે તેમને ગ્રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. પ્રવેશદ્વાર પર જ આયોજકો દ્વારા તિલકની વ્યવસ્થા પણ કરવામાં આવે છે, જેથી જે લોકો તિલક કર્યા વિના આવ્યા હોય તેઓ ત્યાં તિલક લગાવીને જ ગ્રાઉન્ડમાં પ્રવેશ કરી શકે. આ કડક નિર્ણય પાછળનો મુખ્ય હેતુ ગરબા મહોત્સવ દરમિયાન ગરબાની પવિત્રતા જાળવી રાખવાનો અને અસામાજિક તત્વોના ગેરકાયદે કે ખોટા પ્રવેશ પર રોક લગાવવાનો છે. અસામાજિક તત્વો ગરબાના માહોલને બગાડે નહીં કે લડાઈ-ઝગડા ન કરે તે માટે આ પ્રયોગ ખુબ કારગર નીવડી રહ્યો છે. આયોજકોના આ નિર્ણયને ગરબા ખેલૈયાઓએ અને સ્થાનિક નાગરિકોએ સહર્ષ આવકાર્યો છે. ખેલૈયાઓનું માનવું છે કે તિલક એ આપણી હિન્દુ સંસ્કૃતિનું પરંપરાગત પ્રતીક છે. નવરાત્રી એ પવિત્ર આરાધના અને શક્તિ પૂજાનો ઉત્સવ હોવાથી આવા નીતિ-નિયમોનું પાલન થવું અત્યંત જરૂરી છે.

અટલાદરા વોર્ડ નંબર ૧૨માં ગટર, બિસ્માર રોડ અને બંધ સ્ટ્રીટ લાઇટોથી રહેવાસીઓ ત્રાહિમામ

સ્માર્ટ સિટીના અટલાદરા વિસ્તારમાં ૩૫ વર્ષથી વસવાટ છતાં પ્રાથમિક સુવિધાઓનો ઘોર અભાવ

પાલિકા તંત્રમાં વારંવાર રજૂઆતો કરવા છતાં કાયમી ઉકેલ શૂન્ય

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

અટલાદરા વિસ્તારમાં મહાનગરપાલિકાના દાવાઓની પોલ ખુલવા પામી છે. શહેરના વોર્ડ નંબર 12 હેઠળ આવતા અટલાદરા વિસ્તારમાં છેલ્લા સાડા ત્રણ દાયકાથી રહેતા સ્થાનિક રહેવાસીઓ આજે પણ પાયાની પ્રાથમિક સુવિધાઓથી વંચિત હોવાની ગંભીર વ્યાપક ફરિયાદો ઉઠી છે. ઉભરાતી ગટરો, ખરાબ અને બિસ્માર રસ્તાઓ તેમજ અંધારપટ પાથરતી બંધ સ્ટ્રીટ લાઈટોની સમસ્યાને કારણે અટલાદરાના નાગરિકો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, તેઓ છેલ્લા 35 વર્ષથી આ વિસ્તારમાં સ્થાયી થયા છે. વર્ષો વીતી ગયા છતાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનને નિયમિત વેરો ચૂકવતા હોવા છતાં, તંત્ર દ્વારા તેમને જરૂરી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં ઘોર ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. ગટરના દૂષિત અને દુર્ગંધયુક્ત પાણી રસ્તાઓ પર ફરી વળતા



રોગચાળો ફાટી નીકળવાનો ભય સતત તોળાઈ રહ્યો છે. બીજી તરફ, રસ્તાઓ પર પડેલા ઊંડા ખાડાઓને કારણે અકસ્માતોની હારમાળા સર્જાય છે, જેના પરથી પસાર થવું વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમી બની ગયું છે. સાંજ પડતાં જ સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાથી સમગ્ર વિસ્તાર અંધારપટમાં ગરકાવ થઈ જાય છે, જેના કારણે મહિલાઓ અને બાળકોની સુરક્ષા સામે પણ પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે. રહેવાસીઓએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, આ અંગે વડોદરા મહાનગરપાલિકાના સ્થાનિક કોર્પોરેટરો, વોર્ડ કચેરી તેમજ ઉચ્ચ અધિકારીઓને અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. ચૂંટણીઓ આવે ત્યારે વચનોનો વરસાદ વરસાવતા નેતાઓ કે તંત્રના જવાબદારો જીત્યા પછી મોં બતાવવા પણ આવતા નથી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, વારંવારની રજૂઆતો છતાં પાલિકા તંત્ર તરફથી માત્ર કામચલાઉ આશ્વાસન જ મળ્યા છે, પરંતુ સમસ્યાનો કોઈ કાયમી અને નક્કર ઉકેલ લાવવામાં આવ્યો નથી. હાલમાં સ્થાનિક નાગરિકોનો ધીરજનો ઘડો ખૂટી રહ્યો છે. ચોમેરથી ઘેરાયેલી સમસ્યાઓથી કંટાળેલા સ્થાનિકોએ મ્યુનિસિપલ કમિશનર અને તંત્રના જવાબદાર અધિકારીઓ સમક્ષ તાત્કાલિક ધોરણે સ્થળ તપાસ કરવાની માંગ કરી છે. વિસ્તારની વાસ્તવિક સ્થિતિની સમીક્ષા કરી ગટર, રોડ-રસ્તા અને સ્ટ્રીટ લાઈટની કામગીરી યુદ્ધના ધોરણે પૂરી કરવામાં આવે તેવી સ્પષ્ટ ચેતવણી પણ રહેવાસીઓ દ્વારા આપવામાં આવી છે. જો પાલિકા દ્વારા આગામી દિવસોમાં આ સમસ્યાઓનું કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે તો સ્થાનિકોએ ઉગ્ર આંદોલન કરવાની અને વિરોધ પ્રદર્શન યોજવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

નવરાત્રિ પહેલાં જ સંબંધિત પોલીસ સ્ટેશનમાં અરજી કરવા આયોજકોને સૂચના

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

શહેરમાં નવરાત્રિ અને દશેરાના તહેવારોને ધ્યાનમાં રાખીને ગરબા આયોજકો માટે પોલીસ દ્વારા સૂચના જાહેર કરવામાં આવી છે. તા.11 ઓક્ટોબરથી 19 ઓક્ટોબર દરમિયાન નવરાત્રિ ઉત્સવ અને તા.20 ઓક્ટોબરે દશેરાના તહેવારનું આયોજન થનાર હોવાથી ખુલ્લામાં ગરબાના કાર્યક્રમો યોજનારા આયોજકોએ લાઉડસ્પીકર વગાડવા સહિતની જરૂરી મંજૂરી માટે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં સમયસર અરજી કરવાની રહેશે. આયોજકોએ અરજીમાં પોતાનું નામ, સરનામું, ગરબા યોજવાનું સ્થળ તેમજ કાર્યક્રમને લગતી સંપૂર્ણ વિગતો રજૂ કરવાની રહેશે. સંયુક્ત પોલીસ કમિશનર દ્વારા અખબારી યાદી મારફતે તમામ ગરબા આયોજકોને જરૂરી કાર્યવાહી વહેલી તકે પૂર્ણ કરવા અને વધુ માહિતી માટે સ્થાનિક પોલીસ સ્ટેશનનો રૂબરૂ સંપર્ક કરવા જણાવાયું છે.

બેસણું



સખેદ જણાવવાનું કે અમારા માતૃશ્રી

શર્મિષ્ઠાબેન જયંતિલાલ શાહ

તા.૧-૧૦-૨૦૨૬ ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું તા.૩-૧૦-૨૦૨૬ શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પાલખી બેંકવેટ એન્ડ લોન, નાયરા પેટ્રોલ પંપની બાજુમાં, દુમાડ ચોકડી પહેલા, સમા-સાવલી રોડ, વડોદરા.

અમિત શાહ - સેજલ શાહ
સમસ્ત GTPL પરિવાર
રેશ્મા પરીખ (USA)- **વિસ્મીત પરીખ** (USA) • **નેહા શાહ** (USA) - **કિર્તેશ શાહ** (USA)